### શોર્ટ સર્કિટની કારણે કોમન પાર્કિંગ એરિયામાં લાગેલી આગ બાજુમાં આવેલી કંપનીમાં પ્રસરી

# રણોલી GIDCના વેરહાઉસમાં ભીષણ આગ

## જીઆઇડીસી સહિતના ફાયર સ્ટેશન ના જવાનોએ કલાકો સુધી પાણીનો મારો ચલાવી પરિસ્થિતિ સંભાળી લીધી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

વડોદરા શહેર નજીક રણોલી જીઆઈડીસીમાં શોર્ટ સર્કિટને કારણે લાગેલી આગ પ્રસરતા પ્લોટ નંબર 219માં આવેલ બર્કહાર્ડ કમ્પ્રેશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનું વેરહાઉસ આગની લપેટમાં આવી ગયું હતું. મોડીરાત્રીએ બનેલી આ ઘટનાથી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ પરિસ્થિતિ સંભાળી લીધી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. જ્યારે મોટી માત્રામાં નુકસાન થયું હોવાનું અનુમાન લગાવાયું હતું. વડોદરા નજીક રણોલી GIDC વિસ્તારમાં પ્લોટ નંબર 219 માં ગતમોડી રાત્રે આગ લાગવાની ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવવા માટે કામગીરી શરૂ કરી હતી. બનવાની જાણ થતાં જવાહરનગર પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી. આગ વિકરાળ હોવાથી તેને કાબુમાં લાવવી પણ એક પડકાર હતો. પ્રાથમિક માહિતી મુજબ આગ હાલ સંપૂર્ણપણે કાબૂમાં છે અને પરિસ્થિતિ નિયંત્રણમાં છે. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે સંબંધિત વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટનાને કારણે આસપાસના વિસ્તારમાં થોડીવાર માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, પરંતુ, હવે પરિસ્થિતિ સામાન્ય બની રહી છે. મળતી માહિતી અનુસાર રણોલી જીઆઈડીસી વિસ્તારના પ્લોટ નંબર 219 માં બર્કહાર્ડ કમ્પ્રેશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વેરહાઉસ આવેલું છે. સૌપ્રથમ આગ જીઆઈડીસીના કોમન પાર્કિંગ એરિયામાં શોર્ટ સર્કિટને કારણે લાગી હતી. જેમાં વાહનો આગની લપેટમાં આવી ગયા હતા. ધીમે ધીમે આગ પ્રસરી હતી અને આ વેરહાઉસ સુધી પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ જીઆઈડીસી ફાયર સ્ટેશન સહિત આસપાસના ફાયર સ્ટેશનના જવાનો તાબડતોડ ફાયર ફાઈટરો સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા અને સતત પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ મોટું નુકસાન થયું હોવાનું અનુમાન લગાવાયું હતું.



**પરશુરામ ભઠ્ઠા પાસે ખુલ્લા પ્લોટમાં ઉગેલા સૂકા ઘાસમાં આગ ભભૂકી**

વડોદરા શહેરના પરશુરામ ભઠ્ઠા પાસે ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં અચાનક આગ લાગતા તંત્રમાં દોડધામ મચી હતી. ખુલ્લી જગ્યામાં ઉગેલા સૂકા ઘાસમાં આગ ભભૂકી ઉઠી હતી. પવનના સૂસવાટા વચ્ચે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આકાશમાં ધુમાડાના ગોટા ગોટે જોવા મળ્યા હતા. જેને કારણે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં બે ફાયર સ્ટેશનના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયત્નો હાથ ધર્યા હતા.

### 14 એપ્રિલે ફાયર સર્વિસ ડે મનાવાશે

# વડોદરા ફાયર એન્ડ ઈમર્જન્સી ડિપાર્ટમેન્ટ દ્વારા રિહર્સલ કરાયું



( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ફાયર કર્મચારીઓની યાદમાં 14મી એપ્રિલના રોજ ફાયર સર્વિસ ડે મનાવી શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવનાર છે. જ્યારે 21મી તારીખ સુધી જનજાગૃતિના કાર્યક્રમો યોજાશે. જેને અનુલક્ષીને વડોદરા ફાયર એન્ડ ઈમર્જન્સી ડિપાર્ટમેન્ટ દ્વારા રિહર્સલ કરવામાં આવ્યું હતું. આગામી 14મી એપ્રિલના રોજ વડોદરા ફાયર ઈમર્જન્સી ડિપાર્ટમેન્ટ દ્વારા ફાયર સર્વિસ ડે મનાવવામાં આવનાર છે. આ અંગે ફાયર અધિકારી અમિત ચૌધરીએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમના ઉપલક્ષમાં કર્મચારીઓને શ્રદ્ધાંજલિ આપવા માટેનું રીહર્સલ કરવામાં આવ્યું છે. જે 16 માર્ચથી શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં પરેડ સહિતની ગ્રાઉન્ડ પર તૈયારીઓ કરવામાં આવી હતી. દર વર્ષે સમગ્ર ભારતમાં 14 એપ્રિલથી 21 એપ્રિલ સુધી ફાયર સર્વિસ ડે અને ફાયર સર્વિસ વિક તરીકે ઉજવવામાં આવતું હોય છે. આ અઠવાડિયા દરમિયાન શહીદોને યાદ કરવામાં આવે છે. શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે, સાથે સાથે 1944માં જે બોમ્બે પોર્ટમાં દુર્ઘટના બની હતી. જેમાં ફાયર કર્મચારીઓ શહીદ થયા હતા. એ શહીદોની યાદમાં અવેરનેસ કાર્યક્રમ કરવામાં આવશે. મોકડ્રિલ સાથે તાલીમ યોજવામાં આવશે. જનજાગૃતિ અવેરનેસ ખાસ કરીને જીવન સુરક્ષા અગ્નિ નિવારણ,આગ, ધુમાડાથી કેવી રીતે બચવું તેવા બધા વિવિધ વિષયોને ધ્યાનમાં રાખીને એક અઠવાડિયા અમે સુરક્ષા સપ્તાહ તરીકે ઉજવીશું અને એના ઉપલક્ષમાં આજે રિહર્સલ કરવામાં આવ્યું હતું.

### નવી રિક્ષાના ફુરચા ઉડી ગયા

# જાંબુઆ બ્રિજ પાસે રિક્ષા અને આઈસર વચ્ચે ગમખ્વાર અકસ્માત

(પ્રતિનિધિ) વડોદરા તા.27

શહેરના જાંબુઆ બ્રિજ પાસે આવેલી આર્યન રેસીડેન્સી નજીક શુક્રવારે બપોરે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવતી એક આઈશરે રિક્ષાને જોરદાર ટક્કર મારતા રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ દુર્ઘટનામાં રિક્ષામાં સવાર એક વ્યક્તિને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સતત થતા અકસ્માતોને પગલે સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, એક પરિવારે ગુરુવારે જ નવી રિક્ષા ખરીદી હતી, જેના કારણે ઘરમાં આનંદનો માહોલ હતો. શુક્રવારે રિક્ષા ચાલક પોતાના પરિવારના સભ્યોને સાથે લઈ રિક્ષાનું પાસિંગ કરાવવા RTO જઈ રહ્યા



હતા. આ દરમિયાન જાંબુઆ બ્રિજ પાસે પાછળથી પૂરઝડપે આવતી એક આઈશરના ચાલકે રિક્ષાને અડફેટે લીધી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે નવી નક્કોર રિક્ષાનો લોચો વળી ગયો હતો. રિક્ષા ચાલકના ભાઈને માથામાં ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. ઘટના સ્થળે આઈશર ચાલકે જણાવ્યું હતું કે, અચાનક ગાડીની બ્રેક ન વાગતા આ અકસ્માત સર્જાયો હતો. તેણે રિક્ષા ચાલકને બચાવવાનો પૂરો પ્રયાસ કર્યો હોવાનો દાવો પણ કર્યો હતો. જોકે, અકસ્માત બાદ ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

### 'પ્લેસેંટા પર્કેટા' જેવી અત્યંત જોખમી સ્થિતિમાં નિષ્ણાતોની ટીમે સફળ સર્જરી કરી

# વડોદરામાં ગર્ભાવસ્થાની સારવાર બાદ માતા અને બાળકને બચાવાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરાની સ્ટર્લિંગ હોસ્પિટલ, રેસકોર્સ રોડ ખાતે તબીબી નિષ્ણાંતોની ટીમે 'પ્લેસેંટા પર્કેટા' જેવી અત્યંત જોખમી ગર્ભાવસ્થાની સફળ સારવાર કરીને માતા અને બાળક બંનેને સુરક્ષિત રાખ્યા છે. સામાન્ય રીતે આવી સ્થિતિમાં ડિલિવરી દરમિયાન ભારે રક્તસ્ત્રાવ થવાનો ગંભીર ખતરો રહેતો હોય છે. ૩૨ વર્ષીય મહિલાને અગાઉ બે વખત સીઝેરિયન ડિલિવરી થઈ હોવાના કારણે નિયમિત તપાસ દરમિયાન જોખમની શક્યતા જણાઈ હતી. અદ્યતન સ્કેનિંગ દ્વારા સમયસર નિદાન થતાં તબીબોએ સમગ્ર ગર્ભાવસ્થા દરમિયાન સતત દેખરેખ રાખી અને પૂર્વ આયોજન સાથે સર્જરી માટે તૈયારી કરી હતી. ૩૬ અઠવાડિયે આયોજનબદ્ધ સીઝેરિયન સર્જરી કરીને સ્વસ્થ બાળકનો જન્મ કરાવવામાં આવ્યો હતો. સર્જરી દરમિયાન વધારાની જરૂરી પ્રક્રિયાઓ અપનાવતા રક્તસ્ત્રાવને નિયંત્રિત રાખવામાં સફળતા મળી હતી. સર્જરી બાદ માતાની તબિયત સ્થિર રહેતા થોડા દિવસોની સારવાર પછી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. તબીબોના જણાવ્યા મુજબ સમયસર નિદાન, અનુભવી ડૉક્ટર્સ અને સંકલિત ટીમવર્કથી અત્યંત જટિલ ગર્ભાવસ્થાના કેસોમાં પણ માતા અને બાળકને સલામત રાખવું શક્ય બને છે.ઉલ્લેખનિય છે કે પ્લેસેન્ટા એક્રેટા ગર્ભાવસ્થામાં ગંભીર સ્થિતિ છે. તે ત્યારે થાય છે જ્યારે પ્લેસેન્ટા ગર્ભાશયની દિવાલમાં ખૂબ ઊંડે વધવા લાગે છે. સામાન્ય રીતે શું થાય છે કે બાળકની ડિલિવરી પછી પ્લેસેન્ટા ગર્ભાશયની દિવાલથી અલગ થઈ જાય છે. જો કે, પ્લેસેન્ટા એક્રેટમાં એક ભાગ અથવા તમામ પ્લેસેન્ટા દિવાલ સાથે જોડાયેલ રહે છે. તે ડિલિવરી પછી ગંભીર રક્ત નુકશાનમાં પરિણમી શકે છે.

### તાંદલજામાં વરસાદી કાંસ બની 'નરકાગાર'

# ગંદકી-કચરાના સામ્રાજ્યથી સ્થાનિકોમાં ભારે રોષ, સ્લેબ ભરી બંધ કરવા માગ



(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં આવેલી વરસાદી કાંસમાં કચરાનું સામ્રાજ્ય ખડકાતા સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આશિયાના નગરની સામે આવેલી આ ખુલ્લી વરસાદી કાંસ લાંબા સમયથી ગંદકીનો અડ્ડો બની ગઈ છે, જેના કારણે મચ્છરજન્ય રોગો ફેલાવવાનો ભય પણ સતાવી રહ્યો છે. સ્થાનિકો અને સામાજિક કાર્યકર વખાર પટેલ દ્વારા છેલ્લા બે વર્ષથી આ બાબતે રજૂઆતો કરવામાં આવી રહી હતી. આખરે પાલિકા દ્વારા એક ખાનગી કંપનીને કોન્ટ્રાક્ટ સોંપીને કાંસની સફાઈ માટે મજૂરો ઉતારવામાં આવ્યા છે. જોકે, માત્ર ઉપરછલ્લી સફાઈથી સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તેમ સ્થાનિકોનું માનવું છે. સ્થાનિક આગેવાન અને સામાજિક કાર્યકરે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, આ ખુલ્લી કાંસમાં અગાઉ ગાય અને કુતરા જેવા અબોલ પશુઓ ખાબક્યા છે અને કેટલાક કિસ્સામાં પશુઓના મોત પણ નીપજ્યા છે. ખુલ્લી કાંસ જીવલેણ સાબિત થઈ રહી હોવા છતાં તંત્ર દ્વારા તેને ઢાંકવાની તસ્દી લેવામાં આવી નથી. હાલમાં સફાઈ કામગીરી શરૂ કરવામાં આવી છે, પરંતુ જો વહેલી તકે કાંસને પાકી બનાવી ઢાંકવામાં નહીં આવે તો સ્થાનિકો દ્વારા આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### વડોદરા શહેરમાંથી રખડતા ઢોરનો ત્રાસ

# તાંદલજામાં રખડતા ઢોરના માલિક સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરમાં રખડતા પશુઓના ત્રાસને લઈ મહાનગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તેમ છતા રખડતા ઢોરોનો ત્રાસ ઘટતો નથી. અત્યારે વધુ એક વાર જાહેરમાં રખડતા ઢોર છોડી મૂકનાર પશુપાલક સામે પાલિકાના સુપરવાઈઝર ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.

વડોદરા મહાનગરપાલિકાના દબાણ અને સિક્યુરિટી વિભાગમાં ફરજ બજાવતા સુપરવાઈઝર નરેન્દ્રસિંહ જશરાજસિંહ ઝાલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ 26 માર્ચના રોજ મહાનગરપાલિકાની ટીમ પોલીસ સ્ટાફ સાથે શહેરના વિવિધ વિસ્તારોમાં રખડતા પશુઓ પકડવાની કામગીરી માટે નીકળી હતી. તે દરમિયાન જે.પી. પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા તાંદલજા વિસ્તારમાથી એક ગાયને પકડીને બાસવાડી ખાતે આવેલા ઢોર ડબ્બામાં મુકવામાં આવી હતી. આ દરમિયાન પશુમાલિક નિકુંજ શાંતિલાલ રબારી (રહે. પાર્વતીનગર, સેવાસી કેનાલ પાસે) દ્વારા ગાય છોડાવવા માટે અરજી કરવામાં આવી હતી. પરંતુ તપાસમાં સામે આવ્યું કે પશુમાલિક દ્વારા પોતાની ગાયને જાહેર માર્ગ પર ઈરાદાપૂર્વક છૂટ્ટી મૂકી દેવામાં આવી હતી. જાહેર માર્ગ પર રખડતા પશુઓને કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમ ઊભું થાય છે. આવી પરિસ્થિતિમાં અકસ્માતો સર્જાઈ શકે છે, જેમાં ગંભીર ઈજાઓ કે મૃત્યુ પણ થઈ શકે છે. આ બાબતની જાણ હોવા છતાં પશુમાલિક દ્વારા બેદરકારી દાખવી ગાયને ખુલ્લી મૂકવામાં આવી હોવાનું જણાઈ આવ્યું છે. મહાનગરપાલિકા દ્વારા રખડતા પશુઓ પકડવાની કામગીરી કાયદાની જોગવાઈ મુજબ જાહેર સુરક્ષા જાળવવા માટે કરવામાં આવે છે. પરંતુ ઘણી વખત પશુમાલિકો દ્વારા સરકારી કામગીરીમાં અવરોધ ઉભો કરતા હોય છે.

# ચેક બાઉન્સના ગુનામાં ફરાર આરોપી ઝબ્બે

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરમાં નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ દોષિત ઠરાવાયેલ અને છેલ્લા ચાર મહિનાથી ફરાર આરોપીને સયાજીગંજ પોલીસે ઝડપી પાડયો છે. શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સુધીર દેસાઈ સહિત ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી હાથ ધરાઈ હતી.દિવાળીપુરા કોર્ટ દ્વારા ફોજદારી કેસમાં સંજય ઠાકોર પરમાર (રહે. સ્ટાફ ક્વાર્ટર્સ, ફાર્મ સેન્ટર, એલેમ્બિક રોડ, વડોદરા) ને નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ દોષિત ઠેરવી સજા વોરંટ જારી કરાયું હતું. સજા ટાળવા માટે આરોપી છેલ્લા ચાર મહિનાથી નાસતો ફરતો હતો અને પોલીસને હાથ લાગતો નહોતો.સયાજીગંજ પોલીસ સ્ટેશનના સ્ટાફને મળેલી બાતમીના આધારે આરોપીના ઘરે તપાસ હાથ ધરતા તે મળી આવ્યો હતો. ત્યારબાદ સજા વોરંટના આધારે તેની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

### ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને કોમર્સમાં પ્રવેશ મેળવવામાં મુશ્કેલી પડશે : પંકજ જયસ્વાલ

# બીકોમમાં એન્ટ્રન્સ ટેસ્ટ ગુજરાતી અને અંગ્રેજી બને ભાષામાં રાખવા માગણી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીમાં આ વર્ષથી નવો નિયમ લાગુ કરાયો છે. જેમાં બીકોમમાં પ્રવેશ માટે હવેથી એન્ટ્રન્સ ટેસ્ટ આપવો પડશે. એક વિદ્યાર્થી આગેવાને આ નિર્ણયને તઘલગી નિર્ણય ગણાવી પાછો ખેંચવા માંગ કરી હતી. જ્યારે બીજા દિવસે એજીએસયુ દ્વારા આ બીકોમ એન્ટ્રન્સની પરીક્ષા ગુજરાતી અને અંગ્રેજી બને ભાષામા રાખવાની માંગ સાથે કોમર્સ ફેકલ્ટીના ડીનને રજૂઆત કરવામાં આવી હતી. મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીમાં આ વર્ષ થી ફેકલ્ટી ઓફ કોમર્સમાં એફવાયમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓને એન્ટ્રન્સ ટેસ્ટ આપવો પડશે. જે નિર્ણય ફેકલ્ટી ઓફ કોમર્સના સત્તાધીશો દ્વારા લેવામાં આવ્યો છે. આ અંગે ઓલ ગુજરાત સ્ટુડન્ટસ યુનિયનના વિદ્યાર્થી આગેવાન પંકજ જયસ્વાલે જણાવ્યું હતું કે, ધોરણ 12 પછી જે પણ વિદ્યાર્થી એમ.એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં બીકોમના કોર્સ માટે એપ્લાય કરવા માંગી રહ્યા છે તે દરેક વિધાર્થી મિત્રોને વર્ષ 2026 ની એડમિશન પ્રક્રિયામાં એન્ટ્રન્સ એક્ઝામ આપવાની રહેશે. પરંતુ, યુનિવર્સિટીની દરેક એન્ટ્રેન્સ પરીક્ષાઓ અંગ્રેજી ભાષામાં લેવામાં આવતી હોય છે. જ્યારે, એવા પણ વિદ્યાર્થીઓ છે કે જે લોકોએ પોતાનો અભ્યાસ ગુજરાતી મીડીયમ સ્કૂલમાંથી



કર્યો હોય તો તેવા દરેક વિદ્યાર્થીઓએ ગુજરાતી ભાષામાં શિક્ષણ મેળવ્યું હોયતો તે માટે આ એન્ટ્રેન્સ પરીક્ષા સરળ રહેશે નહીં. એન્ટ્રન્સ એક્ઝામના પ્રશ્નોને સમજવા પ્રશ્નોના જવાબ આપવા કંઈકને કંઈક મુશ્કેલીનો સામનો કરવો પડશે. જે વિદ્યાર્થી દ્વારા પોતાની સ્કૂલનો અભ્યાસ અંગ્રેજી ભાષામાં કરવામાં આવ્યો છે, એ લોકોને કોઈ મુશ્કેલી પડશે નહીં. પરંતુ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી વેઠવી પડશે. જેથી બીકોમ એન્ટ્રન્સ ટેસ્ટ પેપર ગુજરાતી ભાષા તથા અંગ્રેજી ભાષા બંને ભાષામાં હોય તેવું આયોજન કરવામાં આવે, જેથી વડોદરા શહેર તથા જિલ્લા અને ગુજરાત રાજ્યના મોટાભાગના જે વિદ્યાર્થીઓ ગુજરાતી મીડીયમ સ્કૂલમાંથી આવે છે તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવમાં સરળતા રહે તેવી રજૂઆત ફેકલ્ટી ડીનને કરવામાં આવી હતી.

### માર્ગ અકસ્માતના દર્દીઓ માટે સરકારનો સંજીવની સમાન નિર્ણય

# 1.5 લાખ સુધીની તાત્કાલિક સારવાર હવે તદ્દન મફત

(પ્રતિનિધિ), વડોદરા. તા.27

રાજ્યમાં માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુના દરને ઘટાડવા અને ઘાયલોને સમયસર શ્રેષ્ઠ સારવાર મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા એક ક્રાંતિકારી 'રાહત યોજના' અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત માર્ગ અકસ્માતનો ભોગ બનેલી વ્યક્તિને પ્રથમ 48 કલાકમાં રૂપિયા 1.5 લાખ સુધીની સારવાર તદ્દન મફત આપવામાં આવશે. મહત્વની વાત એ છે કે આ સુવિધા માત્ર સરકારી જ નહીં, પરંતુ નિયત કરવામાં આવેલી ખાનગી હોસ્પિટલોમાં પણ ઉપલબ્ધ રહેશે. અકસ્માતનો ભોગ બનેલી વ્યક્તિને જો કોઈ અજાણી વ્યક્તિ (ગુડ સમરિટન), પરિવારના સભ્યો અથવા પોલીસ હોસ્પિટલ લઈ આવે, કે પછી ઘાયલ વ્યક્તિ પોતે હોસ્પિટલ પહોંચે, તો પણ તેને આ યોજનાનો લાભ મળશે. આ માટે કોઈ પણ જાતના ભેદભાવ વગર તાત્કાલિક સારવાર શરૂ કરી દેવામાં આવશે. સારવારમાં સહેજ પણ વિલંબ ન થાય તે માટે સરકાર દ્વારા પેપરલેસ પ્રક્રિયા પર ભાર મૂકવામાં આવ્યો છે. પેશન્ટ આવતાની સાથે જ હોસ્પિટલ અને પોલીસ બંને દ્વારા સંયુક્ત રીતે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવશે. રજીસ્ટ્રેશન થયા બાદ વિગતો સીધી ફાઈનાન્સ કંપની/વીમા એજન્સી પાસે જશે, જ્યાં એપ્રુવલની પ્રક્રિયા પેશન્ટની સારવારની સમાંતર ચાલશે.

ડોક્ટરો સૌથી પહેલા દર્દીનો જીવ બચાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે. અકસ્માત બાદનો પ્રથમ એક કલાક ખૂબ જ કિંમતી હોય છે. આ સમયમાં જો નાણાંના અભાવે સારવાર ન અટકે, તો હજારો લોકોના જીવ બચાવી શકાય છે. આ યોજનાનો વ્યાપ વધારવા માટે સરકારે સરકારી હોસ્પિટલોની સાથે સાથે ખાનગી હોસ્પિટલોને પણ જોડી છે. જે ખાનગી હોસ્પિટલો PM-JAY (આયુષ્માન ભારત) યોજના અંતર્ગત નોંધાયેલી છે, ત્યાં અકસ્માતના દર્દીઓ આ મફત સારવારનો લાભ લઈ શકશે.

### વડોદરામાં લુંટનો પર્દાફાશ

# ગંડવા ગેંગની મહિલા રાજકોટથી ઝડપાઈ, અન્ય 5 આરોપી ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં થયેલી હની ટ્રેપની ઘટનાનો પર્દાફાશ થયો છે. મહિલાએ ભોગ બનનાર યુવકને ઉમા ચાર રસ્તા પાસે બોલાવ્યા બાદ અન્ય આરોપીઓ પણ આવી ગયા હતા અને તેની પાસેથી સોનાની ચેન અને વીંટી સહિત રૂપિયા 1.75 લાખની લૂંટ કરીને ફરાર થઈ ગયા હતા. પોલીસની તપાસમાં આ લૂંટ કરવામા ગંડવા ગેંગ હોવાનું માલુમ પડ્યું હતું. આ ગેંગની મુખ્ય આરોપી મહિલાને રાજકોટમાંથી ઝડપી પાડવામાં આવી છે, જ્યારે અન્ય આરોપીઓ ફરાર હોય તેમની શોધખોળ શરૂ કરાઈ છે. ગત તા.15 માર્ચ 2026ના રોજ સાંજે અજાણ્યા નંબર પરથી ફોન કરી ભોગ બનનારને ઉમા ચાર રસ્તા નજીક એક એપાર્ટમેન્ટમાં બોલાવવામાં આવ્યો હતો. ત્યાં પાંચ આરોપીઓએ ગાળો આપી, માર મારી ધમકી આપી અને ફરિયાદીની સોનાની ચેન તથા બે વીંટીઓ મળીને આશરે રૂપિયા 1.75 લાખની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. તપાસ દરમિયાન પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને મોબાઈલ લોકેશનના આધારે આરોપીઓ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. શરૂઆતમાં મેરીલેન્ડ હોટેલમાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જ્યાં આરોપીઓએ નકલી ઓળખ દસ્તાવેજોનો ઉપયોગ કર્યો હોવાનું સામે આવ્યું હતું. વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે આ ગેંગ અગાઉ રાજકોટના મેટોડા પોલીસ સ્ટેશનમાં પણ લૂંટના ગુનામાં સંડોવાયેલી છે. આરોપીઓનું લોકેશન ચેક કરતા રાજકોટના જડેશ્વરપાર્કમાં મળતા પોલીસ ટીમ રાજકોટ દોડી ગઈ હતી. ત્યાંથી કાર કબ્જે લેવામાં આવી હતી અને કારની માલિક મહિલા મુમતાજને ઝડપી પાડી પાણીગેટ પોલીસ સ્ટેશન લાવવામાં આવી હતી. પોલીસ દ્વારા આરોપીઓની પૂછપરછ કરવામાં આવી હતી ત્યારે તેઓએ પુછપરછ તેણીએ અન્ય સાથી આરોપીઓ સાથે મળીને લુંટ અંજામ આપ્યાની કબૂલાત કરી હતી. પોલીસે મુખ્ય આરોપી મુમતાજની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી શરૂ કરી છે. જ્યારે અન્ય આરોપીઓ યોગેશ ઉર્ફે રાકેશ રામસીંગ શીંગર (રહે,જડેશ્વરપાર્ક વેલનાથ સોસાયટી, ખોડીયાર ચોક પાસે, રાજકોટ શહેર), નિકુંજ નરોતમબાપુ ગોડલીયા (રહે-ચીચોડ રાજકોટ) જનક રામસીંગ સીંગર (રહે- 159 ગુજરાત હાઉસીંગ બોર્ડ કોઠારીયા સોલવંટ), કેતન ઉર્ફે ચેતન મુકેશ દેગામા (રહે- હુડકો ચોકડી ખોખળદડ પુલ પાસે વેલનાથ જડેશ્વર પાકે ડીલક્સ પાન, રાજકોટ) અને એક અજાણ્યા શખ્સની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

### ત્રણ સામે ફરિયાદ નોંધાઈ

# આજવા રોડ પર કચરાના મુદ્દે પડોશીઓ વચ્ચે મારામારી

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરાના આજવા રોડ વિસ્તારમાં આવેલી વીનસ સોસાયટીમાં કચરો નાખવાના મુદ્દે પડોશીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થઈ હતી. જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. અશોકભાઈ રણછોડભાઈ માળી (ઉ.વ.53), જે બોયઝ હોસ્ટેલ ચલાવે છે. તેમના મકાનની દિવાલ તોડતી વખતે નીકળેલા કચરાને બાજુમાં મૂકતા પડોશી યોગેશભાઈ પ્રજાપતિએ વાંધો ઉઠાવ્યો હતો. વાતચીત તંગ બનતાં યોગેશભાઈએ અશોકભાઈને થપ્પડ મારી અને મારપીટ કરી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. પોલીસે ત્રણ સામે ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

ઝઘડામાં અશોકભાઈની પત્ની શોભાબેન વચ્ચે પડતાં પરિસ્થિતિ વધુ બગડી હતી. ત્યારબાદ યોગેશભાઈની પત્ની વર્ષાબેન અને પુત્ર આદિત્ય પણ આવી પહોંચ્યા અને બંને પરિવારો વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. અપશબ્દો અને ધમકીઓ પણ આપવામાં આવી હતી.

ઝઘડામાં વચ્ચે પડેલા અશોકભાઈના પુત્ર ભારતને પણ માર મારવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્તને સારવાર માટે એસ.એસ. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી. આરોપીઓએ ફરિયાદીના ફોરવ્હીલ વાહન પર પથ્થરમારો કરી નુકસાન પહોંચાડ્યું હોવાનું પણ સામે આવ્યું છે.આ સમગ્ર મામલે બાપોદ પોલીસ સ્ટેશનમાં યોગેશભાઈ પ્રજાપતિ, વર્ષાબેન પ્રજાપતિ અને આદિત્ય પ્રજાપતિ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# અંકલેશ્વર સહિતના ઔદ્યોગિક શહેરોને હવાઈ જોડાણથી મળશે વેગ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.27

કેન્દ્ર સરકાર દ્વારા પ્રાદેશિક હવાઈ જોડાણને વધારવા માટે શરૂ કરાયેલી ઉડાન યોજના હવે નવા સ્વરૂપે દેશમાં હવાઈ માળખાગત સુવિધાઓના વિસ્તરણને એક નવી ઊંચાઈ આપવા જઈ રહી છે. નાણાકીય વર્ષ 2026-27થી 2035-36 સુધીના દસ વર્ષના સમયગાળા માટે મંજૂર કરાયેલી સંશોધિત ઉડાન યોજના હેઠળ કુલ રૂ.28,840 કરોડના ખર્ચે દેશભરમાં 100 નવા એરપોર્ટ વિકસાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ મહત્વાકાંક્ષી યોજનાનો સીધો લાભ ગુજરાતને પણ મળનાર છે અને રાજ્યમાં અંકલેશ્વર સહીત 11 ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકસાવવાની ભરપૂર શક્યતા સર્જાઈ છે. ગુજરાતમાં સૂચિત એરપોર્ટમાં અંકલેશ્વર, રાજપીપળા, મોરબી, બોટાદ, દ્વારકા, ધોરડો (કચ્છ), રાજુલા, દાહોદ, અંબાજી, ધોળાવીરા અને પાલિતાણાનો સમાવેશ થાય છે. આ નવા એરપોર્ટથી રાજ્યના વિવિધ ભાગોમાં પ્રાદેશિક જોડાણ સુધરવાની સાથે પ્રવાસન અને ઔદ્યોગિક વિકાસને પણ પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે.


# શહેર ભરૂચ કોર્ટમાં બોમ્બની અફવાથી હડકંપ, પોલીસે કરી મોકડ્રિલ જાહેર

(પ્રતિનિધિ) ભરૂચ, તા.27

ભરૂચ જિલ્લા કોર્ટ પરિસરમાં શુક્રવારે શંકાસ્પદ બેગ મળી હોવાની માહિતી સામે આવતાં પોલીસ તંત્રમાં દોડતી થઈ ગઈ હતી. તાત્કાલિક કોર્ટ પરિસર ખાલી કરાવી ન્યાયાધીશો, વકીલો અને પક્ષકારોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જો કે, તપાસ બાદ આ સમગ્ર ઘટના મોકડ્રિલ હોવાનું જાહેર કરતા રાહત થઈ હતી.

વારંવાર કોર્ટને રાષ્ટ્રદ્રોહી તત્વો દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળતી હોવાથી પોલીસ વિભાગ દ્વારા સુરક્ષા વ્યવસ્થાની તૈયારીઓને કસોટી પર મૂકવા માટે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

માહિતી મળતાં જ વિભાગીય પોલીસ વડા સી.કે.પટેલના નેતૃત્વ હેઠળ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG), બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. ટીમોએ કોર્ટ પરિસરમાં સઘન તપાસ હાથ ધરતાં ફાયર બ્રિગેડ અને આરોગ્ય વિભાગને પણ એલર્ટ પર



રાખવામાં આવ્યા હતા. લાંબી તપાસ બાદ જ્યારે કોઈ વિસ્ફોટક કે શંકાસ્પદ વસ્તુ મળી ન આવી, ત્યારે પોલીસે આ ઘટનાને મોકડ્રિલ તરીકે જાહેર કરી હતી. પોલીસ તંત્રના જણાવ્યા અનુસાર, તાજેતરમાં કોર્ટને મળેલી બોમ્બની ધમકીઓને પગલે સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આવા રિહર્સલ હાથ ધરવામાં આવે છે. આ મોકડ્રિલનો મુખ્ય હેતુ કોર્ટ પરિસરમાં બોમ્બ કે શંકાસ્પદ વસ્તુ મળી આવે ત્યારે તાત્કાલિક અને સુરક્ષિત રીતે કાર્યવાહી કરવાની તૈયારીને પરખવાનો હતો. આ અભ્યાસ દરમિયાન પોલીસ અને વહીવટી તંત્રની કામગીરી સંતોષકારક રહી હતી.